# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-05-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.

---

- **લોકસભા ચૂંટણીનું છઠ્ઠા તબક્કાનું મતદાન શરૂ... સાત રાજ્યો અને કેન્દ્ર શાસિત જમ્મુ કાશ્મીર સહિતની 58 બેઠકો માટે મતદાનનો આરંભ**
- **અમદાવાદ સહિત રાજ્યભરમાં અગનવર્ષા.... અમદાવાદનું તાપમાન 47 ડિગ્રી સેલ્સિયસને પાર.. ગાંધીનગરમાં 46 ડિગ્રી સેલ્સિયસ...**
- **રેડ એલર્ટ અને ઓરેંજ એલર્ટના પગલે હિટ સ્ટ્રોકના વધાતા જતા કેસોને ધ્યાનમાં રાખીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં હિટવેવ વોર્ડ તૈયાર...**
- **રાજ્યના ખેડૂતોને ગુણવત્તા યુક્ત બિયારણ અને ખાતર મળી રહે તે માટે સરકાર દ્વારા બે દિવસની રાજ્યવ્યાપી ચકાસણી ઝુંબેશ.... શંકાસ્પદ નમૂના પૃથ્થકરણ માટે મોકલાયાં**
- **વડોદરાના ધ્રૂવ પટેલની સ્વિઝરલેન્ડ ખાતે યોજાનારી આંતરરાષ્ટ્રીય નોટવીલ વિશ્વ પેરા એથલેટિક્સ ગ્રાન્ડ પીક્સ ગેમ્સ માટે પસંદગી થઇ ..**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# LS-ELECTION--SIXTH-PHASE

લોકસભાની આજે યોજાનારી છઠ્ઠા તબક્કાની ચૂંટણીમાં 58 બેઠકો માટે મતદાન શરૂ થઈ ચૂક્યું છે. જે 6 વાગ્યા સુધી મતદાન ચાલશે.

આજે ઉત્તરપ્રદેશની 14, હરિયાણાની 10, બિહાર અને બંગાળની 8-8, દિલ્હીની 7, ઓડીશાની 6, ઝારખંડની 4, અને જમ્મુ કાશ્મીરની લોકસભાની એક બેઠક માટે મતદાન થઈ રહ્યું છે.

આજની ચૂંટણીમાં ભાજપના ધર્મેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, મનહરલાલ ખટ્ટર અને બાંસુરી સ્વરાજ તેમજ કોંગ્રેસના દીપેન્દરસિંહ હુડા, કુમારી શૈલજા, રાજબબ્બર અને કનૈયા કુમાર સમાજવાદી પક્ષના ધર્મેન્દ્ર યાદવ અને પીડીપીના મહેબૂબા મુફ્તી જેવા અગ્રણીઓનું રાજકીય ભાવિ ઇવીએમમાં કેદ થશે.

કેન્દ્રિય ચૂંટણીપંચે છઠ્ઠા તબક્કાની ચૂંટણી સરળતાથી યોજી શકાય તે માટે મતદાન મથકોએ પીવાનું પાણી, રેમ્પ, વ્યાપક તૈયારીઓ તેમજ સલામતીની વ્યવસ્થા કરી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# TEMPRATURE

અમદાવાદના આકાશમાંથી ગઇકાલે અગનગોળા વરસ્યા હોય તેવી ગરમીનો અહેસાસ થયો હતો..

હવામાન વિભાગે જાહેર કરેલા છેલ્લા ચોવિસ કલાકના આંકડા અનુસાર અમદાવાદનું તાપમાન 47 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સામાન્ય કરતાં પાચ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું.. જ્યારે ગાંધીનગરમાં 46, વડોદરા અને ડિસામાં 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું હતું, અમદાવાદ અને ગાંધીનગરમાં હવામાન વિભાગે આજે પણ હિટવેવની આગાહી કરીને રેડ એલર્ટ જાહેર કર્યું છે...

જ્યારે આજના દિવસ માટે સૌરાષ્ટ્ર કચ્છ, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે... જ્યારે આવતીકાલે ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છના પ્રદેશોમાં પણ ઓરેંજ એલર્ટ જાહેર કરાયું છે..

---

-હવા. વેબ., હર્ષલ પંડયા, -(નવીન)

# Heatwave Ward

છેલ્લા એક સપ્તાહથી ગરમીનો પારો 43 થી 45 ડિગ્રી વચ્ચે રહ્યો છે ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે હાલ બે હિટ વેવ વોર્ડ શરૂ કરવામાં આવ્યા છે જેમાં દાખલ દર્દીઓને તમામ પ્રકારની આરોગ્યની સુવિધા આપવામાં આવે છે સાથે સાથે અમદાવાદમાં શહેરીજનોને ગરમીથી રાહત આપવા  કેટલાક નાના દુકાનદારો દ્વારા પાણીની પરબો અને છાશની પરબો પણ શહેરમાં શરૂ થયેલી જોવા મળી રહી છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટર રજનીશ પટેલે જણાવ્યું કે આ ઉનાળાની આકરી ગરમીમાં લોકોએ બપોરે 12 થી 4 દરમિયાન બહાર નીકળવાનું ટાળવું જોઈએ જયારે પાણી, લીંબુ શરબત જેવા પ્રવાહી પિતા રહેવાથી હીટ સ્ટોક લાગવાનો ભય ઓછો થાય છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં જુદી જુદી જગ્યાએ પાણીની પરબો પણ શરૂ કરવામાં આવી છે ટ્રોમા સેન્ટરની આસપાસ પણ પાણીની પરબ શરૂ કરવામાં આવી છે.

---------------------------------------------------------------------

- પીટીસી-અમદાવાદ- હર્ષલ પંડ્યા -(નવીન)

# ORS distribution

આકાશમાંથી જાણે અગન ગોળા વરસી રહ્યા હોય તેવો અનુભવ અમદાવાદના નાગરિકો કરી રહ્યા છે ગરમીનો  સૌથી વધુ ભોગ અમદાવાદના શ્રમિકો બની રહ્યા છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સીએનસીડી વિભાગ દ્વારા શ્રમિકોને લૂથી બચાવવા માટે ORS ના પેકેટ નું વિતરણ વિનામૂલ્ય કરવામાં આવી રહ્યું છે.

હજુ પણ જ્યારે ચાર દિવસ આકરી ગરમી પડવાની છે ત્યારે કોર્પોરેશન દ્વારા ગરમીથી બચવા માટે ORS ના પેકેટ અને પેમ્પલેટનું વિતરણ પણ કરવામાં આવી રહ્યું છે..

પત્રિકાનું વિતરણ કરીને લોકોને લૂના લક્ષણો અને બચવાના ઉપયો અંગેની માહિતી આપવામાં આવી રહી છે.

----------------------------------------------------------------------

- પીટીસી- અમદાવાદ- હર્ષલ પંડ્યા

-(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# FARMERS PECTISIDES

રાજ્યના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર, બિયારણ અને દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારના ખેતીવાડી ખાતા દ્વારા રાજ્યવ્યાપી બે દિવસની ચકાસણી ઝુંબેશ આરંભાઇ છે. રાજ્યમાં  ટીમો વધારીને વિવિધ જિલ્લાઓમાં સઘન ચકાસણી હાથ ધરી છે.. મળેલી માહિતીના આધારે ૩૨ ઉત્પાદકો તેમજ બિયારણના ૪૧૭, ખાતરના ૨૬૮ અને દવાના ૩૭૮ વિક્રેતાઓની ટીમ દ્વારા તપાસ કરાઇ હતી..

આ તપાસમાં  બિયારણના ૨૧૦, ખાતરના ૫૧ અને દવાના ૨૯ એમ કુલ ૨૯૦ નમૂના લેવામાં આવ્યા છે જેને પૃથક્કરણ માટે રાજ્યની જુદી જુદી માન્ય લેબમાં એનાલિસિસ માટે મોકલવામાં આવશે.

જેમાં કપાસના ૧૦૮ નમૂના લેવાય છે તેમાં ૪૩ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઇડ અને અનઅધિકૃત કપાસ તરીકે લેવામાં આવ્યા છે.

સાબરકાંઠામાં પાંચ નમૂના શંકાસ્પદ જીનેટીકલી મોડીફાઇડ અનઅધિકૃત કપાસ તરીકે લેવાય છે. ખાસ કિસ્સામાં પાંચ દિવસમાં તેનું એનાલિસિસ કરીને પરિણામ જાહેર કરાશે.

આ સઘન ચકાસણી ઝુંબેશના પ્રથમ દિવસે જ ૧.૬૮ કરોડ રૂપિયાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે જેમાં બિયારણ, ખાતરનો ૮૨ મેટ્રિક ટન અને દવાઓનો ૬૦૦ કિલોગ્રામ/લિટર જથ્થાનો સમાવેશ થાય છે.

તપાસ ટીમને જોવા મળેલી અલગ-અલગ ખામીઓ ધ્યાનમાં લેતા ૨૩૪ જેટલી નોટિસ અપાઇ છે..

---

- પીટીસી -ગાંધીનગર - હર્ષલ પંડ્યા -(નવીન)

# VALSAD MSNGO

વલસાડનો મુખ્ય પાક તરીકે કેરીને ગણવામાં આવે છે. ત્યારે આ વર્ષે ભારે ગરમી અને વાતાવરણમાં પલટાને લઈને કેરીનો ૪૦ થી ૧૦ ટકા પાક નિષ્ફળ ગયો છે. કેરીનો પાક નિષ્ફળ જતા કેરીના વેપારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે..

વેપારીઓનું કહેવું છે કે વલસાડની કેરીની સમગ્ર દેશમાં માંગ હોય છે એમાંય વલસાડની હાફૂસ તો દેશ વિદેશમાં પ્રખ્યાત છે ત્યારે આ વર્ષે કેરીના પાક નિષ્ફળ જતા માર્કેટમાં કેરી મોડી આવી રહી છે અને દર વર્ષના હિસાબે 70 ટકા કરતાં વધુ કેરીઓ ઓછી આવી રહી છે.

ખેડૂતોને છાંટેલી દવાનું વળતર પણ મળ્યું નહિ જેને લઇ વલસાડ જિલ્લા ખેડૂત સમાજના પ્રમુખ, મહામંત્રી સહિત આગેવાનોએ ગત મહિને મુખ્યમંત્રીને પત્ર લખી ખેતીવાડી અધિકારીઓ મારફત સર્વે કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને સરકારી મદદ આપવામાં આવે રજૂઆત પણ કરી હતી.

------------

PTC-VALSAD-NAVIN PATEL, HARSHALBHAI, , SONAL

# Dang Daw

વઘઈ તાલુકાના ઉમરાખાડી નજીકના જંગલમાં અચાનક દવ ફાટી નીકળતા નાસભાગ મચી ગઇ હતી. વન વિભાગનાં અધિકારીઓ દવ ઉપર કાબુ મેળવવા માટે દોડી ગયા હતા.

ડાંગ જિલ્લાનાં જંગલ વિસ્તાર વધુ હોવાથી અવારનવાર દવ લાગવાની ઘટના બને છે. વઘઇ રેંજનાં RFO ડી.કે. રબારીની ટીમે દવ ઉપર કાબુ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. કાળઝાળ ગરમી અને પવનને કારણે આગ વધુ વિકરાળ બની હતી..

---------------------------------------------------------------------

- પીટીસી- મુનિરા શેખ- હર્ષલ પંડ્યા -(નવીન)

# Chhotaudepur accident

છોટા ઉદેપુરના દેવળીયા ખાતે ગઇકાલે બપોરે થયેલા એક અકસ્માતમાં બાઇક સવાર એકનું મોત નીપજ્યું છે જ્યારે અન્ય એક ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લાના કનલવા ગામના વતની પિતા અને પુત્ર બાઇક પર જઇ રહયા હતા ત્યારે પૂર ઝડપે આવી રહેલા ડમ્પરે તેમણે અડફેટે લેતા આ બંને બાઇક પરથી ફંગોળાઈ ગયા હતા, ત્યારે માથામાં ગંભીર ઇજા થતાં પુત્રનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે પિતાને ગંભીર ઇજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

- પીટીસી છોટા ઉદેપુર / જયેશ વેગડા

-(નવીન)

# Dhruv Patel – Para athlete

વડોદરાના ધ્રુવ પટેલની સ્વીઝરલેન્ડ ખાતે યોજાનારી આંતરરાષ્ટ્રીય નોટટવિલ વિશ્વ પેરા એથ્લેટિસ ગ્રાન્ડ પિક્સ ગેમ્સ માટે પસંદગી થઈ છે.

વડોદરા જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લાના 23 વર્ષીય ધ્રુવ પટેલ 400 મીટર દોડનો રમતવીર છે, જે પેરા એથ્લેટિસ 400 મીટર દોડની T 46 કેટેગરીમાં રમે છે. અત્યારે સુધી ઘણી રાષ્ટ્રીય રમતોમાં ભાગ લઈ ચૂકેલા ધ્રુવ પટેલની આ પ્રથમ આંતરરાષ્ટ્રીય સ્પર્ધા છે. માત્ર ચાર વર્ષની ઉંમરે રસ્તો ઓળગવા જતાં થયેલા અકસ્માતમાં તેના જમણા હાથ ઉપરથી ટ્રકના પૈડા પસાર થઈ ગયા હતા, જેથી તેનો હાથ કામ કરતો બંધ થઈ ગયો હતો, ત્યારબાદ અથાગ મેહનત થકી ધ્રુવ પેરા એથ્લેટિસ સ્પર્ધામાં પોતાનું ઉત્તમ પ્રદર્શન કરી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય નોટટવિલ વિશ્વ પેરા એથ્લેટિસ ગ્રાન્ડ પિક્સ ગેમ્સ આગામી બીજી જૂન થી દશમી જૂન સુધી સ્વીઝરલેન્ડ ખાતે યોજાઇ રહી છે.

---------------------------------------------------------------------

- પીટીસી વડોદરા / જયેશ વેગડા

-(નવીન)

# GCAS Portal

ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડોક્ટર નીરજા ગુપ્તાએ જણાવ્યું કે ગુજરાત યુનિવર્સિટીમાં એડમિશન માટે વિદ્યાર્થીઓએ GCAS પર રજીસ્ટ્રેશન કરવાનું ફરજિયાત રહેશે.

ત્યારબાદ વિદ્યાર્થીઓએ તેમની એકેડેમિક વિગત અને યુનિવર્સિટીની પસંદગી કરવાની રહેશે. જેમાં ગુજરાત યુનિવર્સિટીની કોલેજ પસંદ કરનાર વિદ્યાર્થીઓએ ગુજરાતી યુનિવર્સિટીનો વિકલ્પ પસંદ કરી  ફોર્મ લોક કરવાના રહેશે, ફોર્મ લોક નહીં થાય તો એપ્લિકેશન માન્ય ગણાશે નહીં. એક વખત વિદ્યાર્થી ફોર્મ ભરે તો 28 મે સુધી ફરીથી એડિટ કરી શકશે. 31થી 4 જૂન સુધી વિદ્યાર્થીઓ પોતાના એડમિશનનો પ્રેફરન્સ લઈ શકશે.. 31થી 6 જૂન સુધી વિદ્યાર્થીઓ પોતાની પસંદગીની કોલેજ માટે પ્રેફરન્સ લઈ શકશે. 7થી 10 જૂન દરમિયાન વિદ્યાર્થીઓને પ્રોવિઝનલ એડમિશન ફાળવવામાં આવશે. 11થી 12 જૂન દરમિયાન યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની પ્રક્રિયામાં કોઈ ભૂલ થઈ હોય તો તે સુધારવામાં આવશે અને GCAS પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓને એડમિશન ફાળવવામાં આવશે.

----------------

PTC-AHD-KARAN PARMAR, AMITA, SONAL